**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૨ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૮૫ ટકા

# શહેરમાં દશામાની ઈકો ફ્રેન્ડલી મૂર્તિઓનું આગમન

ગાંધીનગર, તા.૨૦

દશામાના વ્રતનો અમાસથી શુભારંભ થાય છે. ગાંધીનગર ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારમાં પણ સૌથી વધુ મહિલાઓ આ વ્રત કરે છે. દશ દિવસ સુધી માતાજીની ભકિત અને શકિતની ઉપાસના કરવામાં આવે છે. મહિલાઓ દરરોજ પૂજા-અર્ચના, આરતી કરી માતાજીની વાર્તા વાંચે છે. ત્યારે ગાંધીનગરમાં પણ વ્રતને પગલે બજારોમાં દશામાની મૂર્તિનું આગમન થઈ ચુક્યું છે. શહેરના બજારોમાં રૂ.૫૦ થી લઈને ૫૦૦ સુધીનું ઈકો ફ્રેન્ડલી કલાત્મક મૂર્તિ વેચાણઅર્થે આવી પહોંચી છે. આગામી સમયમાં મૂર્તિની ખરીદી માટે બજારમાં બહેનોની ભીડ જામશે.

દશામાનું વ્રત પરિણિત મહિલાઓમાં ખુબ જ લોકપ્રિય છે. આ વ્રતમાં પરિણિતાઓ દશ દિવસના ઉપવાસ કરે છે. તથા દશામાની મૂર્તિનું સ્થાપન કરી પૂજા-અર્ચના કરવા સાથે દશામાની કથા શ્રવણ કરે છે. વ્રતના અંતે છેલ્લા દિવસે રાત્રી જાગરણ કર્યા બાદ મૂર્તિનું નદીમાં વિસર્જન કરવામાં આવે છે. ત્યારબાદ જ ઉપવાસના



પારણા કરાય છે. આ વ્રત મહિલાઓ અનેકવિધ સંકલ્પ લઈને કરતી હોય છે. શ્રધ્ધાના જોરે ભકિતભાવ પૂર્વક મહિલાઓ વ્રત કરતા માતાજી પણ તેઓની મનોકામના પૂર્ણ કરે છે તેવો અડગ વિશ્વાસ પ્રવર્તે છે. માતાજીનું વ્રત પાંચ વર્ષ કે દશ વર્ષની ટેક લઈને કરવામાં આવે છે અને અંતિમ વર્ષે તેની ધામધુમથી ઉજવણી કરવામાં આવે છે. ત્યારે દશામાનું વ્રત રવિવારને અમાસથી પ્રારંભ થાય છે. જેથી શહેરના બજારમાં માતાજીની મૂર્તિનું આગમન થઈ ચુક્યુ છે. શહેરના સેકટર-૭, ૨૧,૨૨, તેમજ ૨૪ ના બજારમાં વિવિધ કલાત્મક સુશોભિત મૂર્તિઓ આવી ગઈ છે. વેપારીઓ પણ પર્યાવરણને નુકશાન ન પહોંચે તેવા ઉમદા આશયથી ઈકો ફ્રેન્ડલી મૂર્તિ જ વેચાણ માટે લાવ્યા છે. દશામાની મૂર્તિ રૂ.૫૦ થી લઈને રૂ.૫૦૦ સુધીની ઉપલ્બધ છે. ત્યારે વેપારીઓના મતે આગામી બે દિવસમાં બજારોમાં મૂર્તિની ખરીદી માટે મહિલાઓની ભારે ભીડ જામશે.

## ધારાસભ્યની ગ્રાન્ટમાંથી હોસ્પિટલને એમ્બ્યુલન્સ ભેટ

ગાંધીનગર ઉતરના ધારાસભ્ય અશોકભાઈ પટેલની ગ્રાન્ટમાંથી શહેરની સિવિલ હોસ્પિટલને ઈકો એમ્બ્યુલન્સ વાન ભેટ મળી છે. અત્યારે હાલ હોસ્પિટલમાં એમ્બ્યુલન્સની સંખ્યા અંદાજીત ૧૦પર પહોંચે છે.



જેમાં ૩ આઈસીયુ ઓન વ્હીલ અને ૭ જેટલી નાની મોટી એમ્બ્યુલન્સનો સમાવેશ થાય છે. તેમ છતા હજુ એમ્બ્યુલન્સ મળતી નથી તેવો પોંકાર દર્દીઓનો સાંભળવા મળશે કે કેમ તે પ્રશ્ન દરેકને સતાવી રહ્યો છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં એમ્બ્યુલન્સ આંતરે દવિસે તાત્કાલીક વિભાગમાં દર્દીના સગા અને તંત્રના કર્મચાકીરઓ વચ્ચે હોહા થતી જોવા મળે છે. દર્દથી કણસી રહેલા દર્દીને સત્વરે એમ્બ્યુલન્સ ન મળતા સ્નેહીજનો ગુસ્સે ભરાય છે. પરંતુ હોસ્પિટલમાં એમ્બ્યુલન્સ તો હોય છે પરંતુ ડ્રાઈવર નથી તેવા જવાબો દર્દીના સગાઓને સાંભળવા મળે છે.જેથી ગંભીર ઈજા પહોંચેલા દર્દીના સગાઓમાં રોષ જોવા મળે છે. ત્યારે હવે ખરેખરે પાટનગરની હોસ્પિટલમાં શહેરના ધારાસભ્યની ગ્રાન્ટમાંથી નવિન ઈકો એમ્બ્યુલન્સ દર્દીઓ માટે ફાળવવામાં આવી છે. તો તંત્ર દ્વારા તેનો સદઉપયોગ થાય તેવી લાગણી અને માંગણી નાગરીકો રાખી રહ્યા છે.

## જી.એસ.ટી એ કાપડના હોલસેલના યુવા વેપારીનો ભોગ લીધો.!!

### સરદારનગરનાં ૨૩ વર્ષિય યુવા વેપારીએ અંબાપુર કેનાલમાં પડતુ મુક્યુ

ગાંધીનગર તા. ૨૦

દેશભરમાં જીએસટીનાં અમલીકરણનાં આદેશ બાદ અનેક વેપારી યુનિયનોએ હડતાલ શરુ કરી છે. જી.એસ.ટી નાબુદ કરાવવા ટેક્ષટાઈલનાં વેપારીઓ પણ રાજયવ્યાપી હડતાલ કરી છે. જી.એસ.ટી અને હડતાલનાં ચક્કરમાં લાખોની ઉઘરાણી નહી આવતા ભીંસમાં આવી ગયેલા અમદાવાદ સરદારનગરનાં એક યુવા વેપારીએ ગાંધીનગર નજીક અંબાપુર નર્મદા કેનાલમાં ઝંપલાવી આપઘાત કરી લીધો હોવાનું જાણવા મળ્યુ છે. વેપારી આલમમાં આ ઘટનાથી ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ઘટના અંગે ઉંડી તપાસ શરુ કરી છે.

અમદાવાદ સરદારનગર ખાતે રહેતા અને કાપડનો હોલસેલમાં વ્યવસાય કરતા ૨૩ વર્ષિય યુવા વેપારી રોકી અશોકભાઈ નેલાણીએ ગાંધીનગર નજીક અંબાપુર નર્મદા કેનાલમાં આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. જી.એસ.ટી બાદ ટેક્ષટાઈલ વેપારીઓએ હડતાલ શરુ કરી જેને પગલે ઉઘરાણીનાં ૧૫ લાખ જેટલા રુપિયા ના આવતા રોકી આર્થિક ભીંસમાં મુકાઈ ગયો હતો. ઉઘરાણી આવતી ન હોવાથી અને નવો માલ વેચાણ થતો ન હોવાથી રોકી તેના માણસોને પગાર પણ કરી શક્યો ન હતો. આખરે તેણે બંને માણસોને પણ તાજેતરમાં નોકરીએથી છુટા કરી મુક્યા હતા. હમણા જ છુટા કરાયેલા બે માણસો પૈકી એકની પત્નિ પગારની ઉઘરાણી માટે રોકી પાસે આવી હતી અને ત્યારે પગાર આપવા પણ તે સક્ષમ ન હતો. લાચાર બની ગયેલા રોકીએ ભીંસમાં આવી જવાથી ગાંધીનગર નજીક અંબાપુર કેનાલમાં છલાંગ લગાવી આપઘાત કરી લીધો હોવા અડાલજ પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યુ છે.

## ગાંધીનગર સરકારી વિજ્ઞાન કોલેજમાં ટી.વાય. બી.એસ.સી. ઝુલોજીનો કોર્ષ ચાલુ કરાયો



ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર સરકારી વિજ્ઞાન કોલેજમાં ટી.વાય. બી.એસ.સી. ઝુલોજીનો કોર્ષ ચાલુ કરાયો છે. વર્ષ ૨૦૧૭ દરમિયાન દિલ્હીથી આવેલ કેન્દ્રીય ટીમની મુલાકાત અને સુચન સંદર્ભે તેમજ વાલી અને વિદ્યાર્થીઓની રજુઆત ને ધ્યાને લઈ, ઘણી જ જહેમત બાદ કોલેજ માં ટી.વાય. બી.એસ.સી. ઝુલોજી નો કોર્ષ ચાલુ કરવામાં આવ્યો છે. .આ સાથે વાલી મિટિંગમાં વાલીશ્રીઓને આચાર્યશ્રી ડૉ.કે.જી.છાયા સાહેબે વચન આપેલ અને તેઓના અથાક પ્રયત્નોની ફલશ્રુતી થકી નવા વિષય ચાલુ કરવાની મંજુરી મેળવી આપેલ વચન પુર્ણ કર્યુ છે. આ બાબતે આચાર્યશ્રીએ ખાસ જણાવ્યુ હતું કે નવો વિષય ચાલુ થવાથી આ વિષય ભણવા ગાંધીનગરથી દુર અવર-જવર કરતા વિદ્યાર્થીઓની સમયની બચત થશે અને શારીરીક અને માનસિક થાકમાંથી તેમજ વાલીની તેમના પાલ્યની અવર-જવરની ચિંતામાં મુક્તિ મળશે. વિદ્યાર્થીઓમાં આ બાબતનો લઈને હર્ષ અને આનંદની લાગણી ફેલાઈ છે.

## સેકટર-૨૮, જીઆઈડીસીમાં ગટરો ઉભરાઈ : રોગચાળો ફેલાવાની શરૂઆત

ગાંધીનગર, તા.૨૦

વાયબ્રન્ટ ગુજરાતના કહેવાતા સ્માર્ટ સિટી ગાંધીનગરના જ વાણિજ્ય વિસ્તાર જીઆઈડીસી, સેક્ટર-૨૮માં કેટલાય સમયથી ગટર ઉભરાવાનું, રસ્તાના ખાડાઓ, કચરાના ઢગલા - ગંદકી સહિત અનેક સમસ્યાઓએ ભરડો લીધો છે.


સેક્ટર-૨૮, જીઆઈડીસીમાં મોટી સંખ્યામાં કંપનીઓ, ફેકટરીઓ આવેલી છે જેમાં મોટી સંખ્યામાં વર્કરો નોકરી કરે છે. જીઆઈડીસી વિસ્તારમાં છેલ્લા કેટલાય સમયથી ગટરો ઉભરાવાની સમસ્યાએ ખૂબ જ મોટું સ્વરૂપ ધારણ કરેલ છે. ગટરોમાંથી ગંદુ પાણી ઉભરાઈને રસ્તાઓ ઉપર, ફેક્ટરી પાસે ફેલાય છે જેના પરિણામે દુર્ગંધ તો અસહ્ય બને જ છે તેની સાથે સાથે મચ્છરો - જીવજંતુના લીધે મોટા પ્રમાણમાં રોગચાળો ફાટી નીકળવાની દહેશત ઠેર-ઠેર પડેલા ખાડાઓમાં પાણી ભરાવાને કારણે થઈ રહેલ



રહેલ છે. અત્રે વ્યવસાય ચલાવતા, નોકરી કરતાં લોકોમાં માંદા પડવાનું પ્રમાણ પણ વધી રહ્યું છે. જો આ ઉભરાતી ગટરો પરત્વે, ગંદકીના જામે ગયેલ ઢગલાઓ પ્રત્યે અને મચ્છરના ઉપદ્રવ સામે પગલાં નહીં લેવાય તો રોગચાળો કોઈના મોતનું કારણ બને તો પણ નવાઈ નહીં ?

ફેક્ટરી ધારકોનું કહેવું છે કે અમો સમસયર વેરો ભરીએ છીએ, તંત્રને તમામ પ્રકારનો સહયોગ આપતાં હોવા છતાં અમારી આ સમસ્યા પરત્વે મહાનગર પાલિકા, પાટનગર યોજના ભવનમાં વારંવાર રજૂઆત કરવાં છતાં કોઈ નિરાકરણ આવતું નથી. તંત્ર જીઆઈડીસીના લોકોને આમથી તેમ ફેરવે છે. એક બીજા ઉપર જવાબદારી ઢોળે છે અને કોઈપણ જગ્યાએથી ન્યાય મળતો નથી. આ બધી બાબતો કંટાળીને જીઆઈડીસી, સેકટર-૨૮ના વ્યવસાય ધરાવતા માલિકો, કારીગરો સહિત સૌ જો આ બાબતે ત્રણ દિવસમાં નિરાકરણ નહીં આવે તો ઉભરાતાં ગટરનું પાણી, કચરાના ઢગલામાંથી કચરો ભરીને સમસ્યાનો નિરાકરણ ન આવે ત્યાં સુધી દરરોજ પાટનગર યોજના ભવન, ગાંધીનગર મહાનગર પાલિકા કાર્યાલય ખાતે ઠાલવીને ઉગ્ર વિરોધ નોંધાવશે.

## આઈ લવ માય ગાંધીનગર



**પ્રતાપભાઈ એસ. બારોટ**
નિવૃત્ત કર્મચારી

**ગાંધીનગર ગમે**
આ શહેર શાંત અને રહેવા માટે ઉત્તમ હોવાથી તેમજ હરિયાળું નગર હોવાથી ગમે છે.

**નગરજનો**
નગરજનો સસંસ્કારી અને સિક્ષિત છે. વળી સેકટરોનો પારિવારીક માહોલ અને ભાઈચારાની ભાવના હોય તેવા નગરજનો વસવાટ કરે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
શહેર વસાહત મહામંડળ અને હેપ્પી યુથ કલબ, જુનિયર સિટિઝન કાઉન્સીલ દ્વારા કરવામાં આવતી સેવાકીય પ્રવૃત્તિઓથી શહેર ધબકે છે.

**નગરને બહેતર બનાવવા**
પાણી-ગટર-રસ્તાની સુવિધાઓ નગરના વિકાસ સાથે અપગ્રેડ કરવાની તાતી અનિવાર્યતા છે.

**નગર માટે હું કરી શકું**
નગરમાં થતા સેવા કાર્યોમાં મારો ફાળો આપવા હું સદા તત્પર રહીશ.

## શનિવારે ગીત-સંગીતનો વિશિષ્ટ કાર્યક્રમ ‘સૂર સાગરની સફરે’ યોજાશે

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના ટાઉનહોલ ખાતે તા. ૨૨મી જુલાઈ શનિવારના રોજ રાત્રે૯.૩૧ કલાકે કલાગુર્જરી તથા સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે ગીત સંગીતના વિશિષ્ટ કાર્યક્રમ ‘સૂર સંગીતની સફરે’નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સુપ્રસિધ્ધ કલાકારો અમિત ઠક્કર અને દિપ્તી દેસાઈ સૂર અને સંગીતના મોજા ઉછાળશે જેમાં કી-બોર્ડ, સી-બોર્ડ અને ફીંગર-બોર્ડના તરાપા પર સવાર થઈ શ્રોતાઓ સંગીતના સાગરની સફર ખેડશે. આ સફરમાં યાદગાર ફિલ્મી ગીતો સાથે સુફી ગીતો, ગઝલ, ગુજરાતી લોકગીત, ભજન અને શાસ્ત્રીય ફયુઝન પ્રસ્તુત થશે. કાર્યક્રમમાં મિહિર જાની અને અર્ચિત પાટડીયા સાથી કલાકાર તરીકે તથા હેપ્પી ભાવસાર રસદર્શન કરાવનાર સેતુની ભૂમિકા ભજવશે. કાર્યક્રમને માણવા બંને સંસ્થાના સભ્યોને સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજના અધ્યક્ષ જીલુભા ધાંધલ તથા કલા ગુર્જરીના પ્રમુખ એન.પી. પટેલ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## આરાધના વિદ્યાવિહાર ખાતે ‘સ્ટ્રેસ મેનેજમેન્ટ’ના ત્રિ-દિવસીય વર્કશોપનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨૦

રોટરી કલબ ઓફ કેપીટલ - ગાંધીનગર, વૈદિક પરિવાર - ગાંધીનગર તેમજ આરાધના વિદ્યાવિહાર - ગાંધીનગર દ્વારા તા. ૨૦-૦૭-૨૦૧૭, ગુરૂવારના રોજ આરાધના સ્કૂલ, સે. ૨૮ ખાતે શાળાના ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ માટે ‘‘સ્ટ્રેસ મેનેજમેન્ટ’’ના ત્રિ-દિવસીય વર્કશોપનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમની શરૂઆત ભારતીય સંસ્કૃતિની પરંપરાના નિભાવતા શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા પ્રાર્થના થકી કરવામાં આવેલ. શાળા પરિવાર દ્વારા સ્વાગત પ્રવચન બાદ દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું.

રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગરના નવા વરાયેલ પ્રમુખ




રોટે. સીએ શ્રી બી.કે.ચાવડા દ્વારા રોટરી કલબ ઓફ કેપિટલ - ગાંધીનગરનાના કાર્યોની રૂપરેખા આપી અનેક ઉદાહરણો થકી આકર્ષક શૈલીમાં સ્ટ્રેસ મેનેજમેન્ટ વિશે વિદ્યાર્થીઓને રસપ્રદ માહિતી આપી વર્કશોપનો પૂરેપૂરો લાભ લેવા જણાવાયું હતું. આરાધના વિદ્યાવિહાર દ્વારા ઉપસ્થિત મહેમાનોનું બુક દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ ત્રિદિવસીય વર્કશોપના પ્રથમ દિવસે કાર્યક્રમને સફળ બનાવવા આરાધના વિદ્યાવિહારના ડાયરેક્ટર શ્રી આશીષભાઈ પટેલ, આચાર્ય શ્રી વી. ડી. પટેલ, શાળા પરિવારના સ્ટાફ મિત્રો - શિક્ષકો સર્વે શ્રી ધવલભાઈ, શ્રી કમલેશભાઈ, શ્રી સી. ડી. જાદવ, શ્રી ફાલ્ગુનીબેન, શ્રી જૈમીનીબેન, શ્રી આર. કે. જાદવ સહિત વૈદિક પરિવાર વતી શ્રી મહેન્દ્રભાઈ ગાંધી, રોટરી કલબ ઓફ કેપિટલ - ગાંધીનગરના સેક્રેટરી રોટે. શ્રી અભેરાજ ચૌધરી, એડવોકેટ રોટે. શ્રી ધર્મેન્દ્રસિંહ ચાવડા, કેપિટલ ક્રાંતિના તંત્રી રોટે. શ્રી પાર્થ ઠક્કર ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## રક્ષાબંધનને ચંદ્રગ્રહણનો વેધ

### જનોઈ પરિવર્તન (ઉપાક્રમ) જુલાઈ માસમાં જ કરી લેવી પડશે : રક્ષાબંધને વિષ્ટિ અને ચંદ્રગ્રહણનો વેધ હોવાથી માત્ર દોઢ કલાકનો સમય જ શુભ અને શ્રેયસ્કર છે : શુભ કાર્યો વર્જિત

ગાંધીનગર, તા.૨૦

ભાઈ-બહેનના પવિત્ર સંબંધોનો દિવસ એટલે રક્ષાબંધન. બહેન આ દિવસે ભાઈને રક્ષાસુત્ર બંધી પોતાના ભાઈના રક્ષણની પ્રાર્થના કરે છે. આ વર્ષે શ્રાવણ મહિનાની પૂર્ણિમાએ આવતા રક્ષાબંધનના દિવસે ખંડગ્રાસ ચંદ્રગ્રહણ છે અને ભારતમાં પણ દેખાવાનુ છે અને તેનો વેધ લાગી જતા રક્ષાસુત્ર બાંધવા માટે તેમજ જનોઈ પરિવર્તન વિધિ (ઉપાક્રમ)માં ફેરફાર થશે. જેથી ભાઈ-બહેનના આ અુલ્ય સંબંધોના પવિત્ર દિવસે શુભ સમયે જ રક્ષાસુત્ર બાંધે તે યોગ્ય હોવાનું મનાઈ રહ્યું છે. તેમજ યજ્ઞોપવિત પરિવર્તન પણ જુલાઈ માસમાં થાય તેવા સંજોગો ઉભા થયા છે.

વિક્રમ સંવત ૨૦૭૩માં તા. ૭ ઓગષ્ટે શ્રાવણ માસની પૂર્ણિમાએ ખંડગ્રાસ ચંદ્રગ્રહણનો યોગ સર્જાયો છે અને તે ભારતભરમાં દેખાવાનું છે જેથી ચંદ્રગ્રહણનો વેધ આ દિવસે લાગશે. જેથી રાખડી બાંધવાનો શુભ સમય ખાસ કરીને માત્ર દોઢ કલાક એટલે કે સવારે ૧૧.૧૧ પછી અને ૧૨.૪૩ પૂર્વે શુભ અને શ્રેયસ્કર છે જે દરમિયાન રક્ષાસુત્ર બાંધવું શુભ ગણાશે.

જયોતિષાચાર્યોના મતે આ શ્રાવણી પૂર્ણિમાએ ચંદ્રગ્રહણ હોવાથી એ દિવસે ઉપાકર્મ (જનોઈ પરિવર્તન) નહિ થાય પરંતુ દસ દિવસ પહેલા શ્રાવણ શુકલ પક્ષમાં પંચત્રી એવં હસ્તનક્ષત્રમાં તા. ૨૭ અને ૨૮ જુલાઈના રોજ થઈ શકશે. ગ્રહણનો સ્પર્શ શ્રાવણ પૂનમના પહેલા મધ્ય રાત્રિ અગાઉ ૧૦.૫૩ વાગે હોઈ તે ઉપાકર્મ દૂષક બને છે જયારે રક્ષાબંધન શ્રાવણ શુકલ પૂર્ણિમાએ સોમવારે અગાઉ જણાવ્યા સમયે કરી શકાશે. જનોઈ પરિવર્તનની તારીખ વેદશાખા પ્રમાણે કરવા પણ જાણકારો કહી રહ્યા છે. આ વખતે શ્રાવણ મહિનામાં પાંચ સોમવાર છે જેથી શ્રાવણ માસ શુભપ્રદ છે. વળી રક્ષાબંધન પણ સોમવારે યોગાનુયોગ આવે છે જેથી ભાઈ-બહેનના આ પવિત્ર બંધનના દિવસે શુભ સમયે જ રક્ષાસુત્ર બંધાય તે યોગ્ય ગણાશે અન્યથા ગ્રહણ અને વિષ્ટિ યોગનો બાધ ઉભો થશે.

## @ગાંધીનગર

● સે-૨૩ સ્વામિનારાયણ મંદિરમાં પેન્સિલ-રબર અને પેનના કલાત્મક હિંડોળામાં ઠાકોરજીને સાંજે ૫.૦૦ થી ૮.૧૫ કલાક દરમિયાન ઝુલાવવામાં આવશે.

● સે-૨૧ શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે લહેરીયાના હિંડોળા સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન યોજાશે.

● વૈજનાથ મહાદેવ મંદિર સે-૨૧ ખાતે લઘુરૂદ્ર સાંજે ૪.૩૦ કલાકે યોજાશે.

● મા મેલડી આનંદ ગરબા મંડળ સે-૩-સી દ્વારા મંદાબેન પટેલના નિવાસસ્થાને ૬, અક્ષર તિલક બંગલો-પ્રમુખ જીયોનની બાજુમાં, સરગાસણ ખાતે આનંદનો ગરબો ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

● મા અંબા દરજી મંડળ દ્વારા આનંદનો ગરબો મહેતા કિરણભાઈ શુભમ સોસાયટી મોટી બજાર ખાતે ૨.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન યોજાશે.

● ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિ. ગાંધીનગર દ્વારા મહિલા જાગૃતિ શિબિર સવારે ૯ કલાકે આંબેડકર હોલ, સે-૧૨ ખાતે યોજાશે.

● કૌશલ્ય સંસ્થા દ્વારા બ્રહ્માકુમારીઝ સૅન્ટર, સૅક્ટર-૨૮ ખાતે ‘ફરાળી વાનગીઓ’ની કૂકિંગ સ્પર્ધા તથા ફરાળી વાનગીઓ બનાવવાનો તાલીમ કાર્યક્રમ યોજાશે.

## વાતવાતમાં

● સે-૪-સીમાં સવારના સુમારે એક ખાનગી પ્લે સ્કૂલની બસ બાળકોને લઈ પાછી ફરવા ખુલ્લા પ્લોટમાં વળાંક લઈ રહી હતી ત્યારે વરસાદી પાણીના કારણે થયેલા કાદવ-કિચડમાં ખુંપી જવા પામી હતી. ડ્રાઈવરની મહામહેનત છતાં બસ કિચડમાંથી બહાર ના નીકળતા અંતે બીજી સ્કૂલ વાનને બોલાવી બાળકોને તેમાં શીફટ કરી આ બસને ખેંચીને બહાર કાઢવામાં આવી હતી.

● શહેરના સે-૩૦માં મુકિતધામ ખાતે અબોલ પશુ-પંખીઓના બચાવનું અદભૂત સેવા કાર્ય અવિરતપણે કરાય છે. ગુરુવારે મુકિતધામ ખાતે એક બુલબુલ ઉપરાંત કાબરના બચ્ચાને તથા વરસાદમાં બરડા પર ઈજા સાથે ઘાયલ બિલાડીના બચ્ચાંને બચાવી આશ્રય અપાયો છે.

## પ્રિટી વિમેન્સ કલબ દ્વારા એકઝીબિશન કમ સેલનું આયોજન

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર પ્રિટી વિમેન્સ કલબ દ્વારા એકઝીબીશન કમ સેલનું આયોજન આગામી તા. ૨૨ અને ૨૩ જુલાઈના રોજ ઉમિયા માતાજી સંસ્થાન, બલરામ ભવન, સેકટર-૧૨ ખાતે કરવામાં આવ્યું છે.

આ પ્રદર્શન કમ સેલમાં લેડીઝ વેર, વેસ્ટર્ન વેર, ટ્રેડીશનલ વેર, ઈમીટેશન જવેલરી, રાખડી, રંગોળી, મેલેમાઈન પ્રોડકટ, હોમકેર, પર્સનલ કેર, કોસ્મેટીકસ, ડ્રાયફ્રુટ, સ્વીટસ જેવી વસ્તુઓનું વ્યાજબી ભાવે વેચાણ કરવામાં આવશે.

## ચિરવિદાય

- સ્વ. બાબુભાઈ શંભુભાઈ પટેલ, ઉ.વ. ૬૨
- સ્વ. રાજવલ્લભ મિશ્રા, ઉ.વ. ૬૭
- સ્વ. અરજણજી સોમાજી ઠાકોર, ઉ.વ. ૬૫